ગાંધીનગર સમાચાર
તા. ૨-૧-૨૦૧૨, બુધવાર

તંત્રી સ્થાનેથી.....

લોકશાહીમાં લોકશક્તિ સામે રાજશક્તિને ઝૂકવું પડે છે

તેરનો આંકડો પરંપરાગત રીતે અપશુકનિયાળ મનાયો છે, અને આપણે ૨૦૧૩ના વર્ષમાં પ્રવેશ્યા છીએ. ૨૦૧૨ના વર્ષ દરમિયાન દેશ અને દુનિયાએ અણધારી આફતોનો સામનો કર્યો છે, તેમ કેટલાંક મહત્વનાં સીમા ચિહ્નરૂપ આંદોલનો અને 'ઐતિહાસિક' કહી શકાય એવી ઘટનાઓનો પણ સાક્ષાત્કાર કર્યો છે. અમેરિકા જેવી વિશ્વસત્તામાં ઓબામાની ફેર પધરામણી કોઈ નાનીસૂની ઘટના નથી. એ જ રીતે ગુજરાતમાં નરેન્દ્ર મોદીની હેટ્રિક રાષ્ટ્રીય મહત્વ ધરાવતી ઘટના ગણાય. વરસ દરમિયાન ભ્રષ્ટાચાર વિરોધી અણ્ણા હજારેનું જનલોકપાલ આંદોલન વિવિધ આયામ ધારણ કરતું રહ્યું. કેજરીવાલ અને એમના વિશ્વાસુ સાથીઓએ અણ્ણાની ઈચ્છા વિરુદ્ધ સક્રિય રાજકારણમાં ઝુકાવી આંદોલન પાછળ છુપાયેલા નવા અર્થસંકેતો સ્પષ્ટ કરી આપ્યા. શરૂ શરૂમાં યોગગુરુ બાબા રામદેવ સ્વિસ બેંકોમાં પડેલાં કાળાં નાણાં પરત લાવવા માટે મેદાને પડ્યા હતા અને છેલ્લે ગુજરાતમાં યોગ શિબિરોના ઓઠા હેઠળ નરેન્દ્રભાઈ મોદીના પ્રચારક તરીકે સક્રિય ભૂમિકા ભજવી ગયા! પરંતુ જે પ્રજા સ્વયંભૂ આંદોલન કરી જાણે છે એ સત્તાને પણ મજબૂર કરી શકે છે એની પ્રતીતિ વર્ષાન્તે અનામી મેડિકલ કન્યા પર થયેલા સામૂહિક બળાત્કાર નિમિત્તે દિલ્હી સહિત દેશભરમાં ઊભા થયેલા લોકજુવાળમાં જોવા મળી કેન્દ્ર સરકારે બળાત્કારીઓને કડકમાં કડક સજાના સંકેત આપવા પડ્યા છે. પ્રવર્તમાન કાયદો સુધારવા માટેની તૈયારી દર્શાવાઈ છે અને નિવૃત્ત ન્યાયમૂર્તિ જસ્ટિસ જે.એસ. વર્માનું પંચ બેસાડી મૃતક કન્યાને યોગ્ય ન્યાય અપાવવાની કોશિશ કરાઈ રહી છે. સોનિયા ગાંધી અને મનમોહનસિંહ કોઈ વીવીઆઈપી રાષ્ટ્રાધ્યક્ષને પણ રિસીવ કરવા દિલ્હીના ઈંદિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ગયાં હોય એવું જાણમાં નથી. એવા પ્રસંગે એમના વતીથી કોઈ પ્રતિનિધિ જ એ ફરજ બજાવતા હોય છે. પરંતુ પ્રચંડ લોકજુવાળ સમક્ષ ઝૂકી જઈ જીવનમરણ વચ્ચે ઝોલાં ખાઈ રહેલી એ કમનસીબ બાળાને વધુ સારી સારવાર મળી રહે એ માટે હવાઈ ઍમ્બ્યુલંસ મારફત સિંગાપુરની વિશ્વ પ્રસિદ્ધ માઉન્ટ ઍલિઝાબેથ હૉસ્પિટલમાં ખસેડાયા પછી પણ જ્યારે એને બચાવી ન શકાઈ ત્યારે એનું 'ડેડ બૉડી' રિસીવ કરવા આપણા માનવંતા નેતાઓ રાત્રીના ત્રણ વાગ્યે ચૂપચાપ ઍરપોર્ટ પહોંચી ગયા. એટલું જ નહીં, એના અગ્નિ સંસ્કારની પણ વ્યવસ્થા કરાવી દીધી, જેમાં કેન્દ્રના ગૃહ રાજયપ્રધાન અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ જેવા નેતાઓ સદેહે ઉપસ્થિત રહ્યા. દેખીતી રીતે જ પ્રજાની તાકાત સામે રાજયની તાકાત વામણી પુરવાર થઈ. નવા વર્ષની ઉજવણી આખી દુનિયામાં થઈ પણ ભારતે એની 'બહાદુર બેટી'ના કરૂણ અવસાનનો મલાજો જાળવ્યો. આ પણ એક પ્રકારનું પ્રાયશ્ચિત જ ગણાય. સોનિયા ગાંધીએ જે વલણ અપનાવ્યું તેવું જ વલણ સુષમા સ્વરાજે પણ અપનાવ્યું. પ્રાયશ્ચિત ઉપરાંત આ પણ એક પ્રકારનું રાજકારણ પ્રેરિત પગલું તો ગણાય જ. છતાં એમાંથી પ્રગટતો સંદેશ પૉઝિટિવ છે. રાજશક્તિ આખરે જનશક્તિને જ અનુસરે છે, તે મુદ્દો આગામી દિવસોમાં વધુને વધુ મુખર બની રહેશે અને રાજકારણને પણ કદાચ આ જનઆક્રોશને સમજી વધુ વિવેકશીલ, વધુ વિનયી બનવું પડશે. એની દિશા બદલવી પડશે.

ઈજનેરીમાં બીજું પ્રશ્નપત્ર પૂછાતાં તપાસ થશે : જીટીયુ

અમદાવાદ, તા.૧

ડિગ્રી ઈજનેરીની ચાલી રહેલી પરીક્ષામાં ઈન્ડસ્ટ્રીયલ ઓટોમેશન સેમેસ્ટર સાત વિષયની પરીક્ષામાં બીજા વિષયના પ્રશ્નપત્ર પૂછાતા પરીક્ષા રદ કરવામાં આવી છે. આ બાબતની યોગ્ય તપાસ કરવામાં આવશે અને જવાબદાર સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેવું જીટીયુના સત્તાવાળાઓએ જણાવ્યું હતું.

ડિગ્રી ઈજનેરીની હાથ ધરાયેલી પરીક્ષામાં સાતમા સેમેસ્ટરમાં ઔદ્યોગિક ઓટોમેશન વિષયની પરીક્ષા હતી. આ પરીક્ષાનું પ્રશ્નપત્ર ઓનલાઈન દરેક કોલેજોને મોકલવામાં આવતું હતું પરંતુ આ પ્રશ્નપત્ર અન્ય વિષયનું મોકલવામાં આવતાં કોલેજ સત્તાવાળાઓએ મૂંઝવણમાં મુકાયા હતાં અને ભૂલ થઈ હોવાની જાણ થતાં પરીક્ષા રદ કરવાનો નિર્ણય કર્યો હતો. આ પરીક્ષા હવે ૬ જાન્યુઆરીના રોજ લેવામાં આવશે.

પ્રશ્નપત્ર મોકલવામાં થયેલી ક્ષતિ અંગે ટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા તેની તપાસ કરાવવામાં આવશે અને આ ક્ષતિ કેવી રીતે થઈ તે તપાસી જવાબદાર સામે પગલા ભરવામાં આવશે.

દરેક કોલેજ પાસે ૧૭૦થી વધુ કોમ્પ્યુટર જરૂરી

ઓનલાઈન પરીક્ષા વ્યવસ્થા આડે હજુય અનેક અડચણો

વર્તમાન પરિસ્થિતિમાં દરેક કોલેજમાં ઓનલાઈન પરિક્ષા લેવી મુશ્કેલ : તમામ કોલેજોને પરિપત્ર છતા ઘણા પડકારો

અમદાવાદ, તા.૧

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના આધુનિકરણમાં વ્યાપના ભાગરૂપે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તમામ કોલેજોમાં ઓન ડીમાન્ડ ઓનલાઈન એક્ઝામિનેશન સિસ્ટમ અમલ કરવા તમામ કોલેજોને પરિપત્ર પાઠવવામાં આવ્યો છે. પરંતુ આ પ્રકારની ઓનલાઈન પરિક્ષા યોજવા માટે દરેક કોલેજો પાસે ૧૭૦ કરતા વધુ કોમ્પ્યુટરો ધરાવતી કોમ્પ્યુટર લેબ હોવી આવશ્યક છે.

આ ઉપરાંત કોલેજમાં દરેક વિદ્યાર્થી પાસે બેઝીક કોમ્પ્યુટર જ્ઞાન હોવું પણ આવશ્યક છે. જ્યારે અત્યારે આપણે ગુજરાતના વર્તમાન સ્થિતી વિશે વિચારીએ તો આ બંનેમાંથી એકપણ પરિસ્થિતી અત્યારે રાજ્યની ૭૦ ટકાથી વધુ કોલેજોમાં અસ્તિત્વ ધરાવતી નથી. જેનાં કારણે શિક્ષણ વિભાગ દ્વારા ઓનલાઈન પરિક્ષાનો અમલ કરવો લોઢાના ચણા ચાવવા જેવો મુશ્કેલ ખ્યાલ બની રહ્યો છે.

રાજ્યના શિક્ષણ વિભાગે વિદ્યાર્થીઓના ભણતરનો ભાર હળવો કરવા અને વિષય તેમજ વસ્તુલક્ષી નક્કર જ્ઞાન વિદ્યાર્થીઓ સુધી પહોંચાડી શકાય તેવી વ્યવસ્થા કરવા આયોજન હાથ ધર્યું હતું. જેનાં ભાગરૂપે શિક્ષણ વિભાગે તમામ વિદ્યાશાળાઓમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ૨૦૦૯-૧૦થી ચોઈસ બેઈઝ ક્રેડિટ સિસ્ટમ અમલમાં મુકી હતી. જેના મુજબ સેમિસ્ટર પદ્ધતિ અમલમાં આવતા કોલેજોમાં વર્ષમાં બે વાર યુનિવર્સિટીની પરિક્ષા ફરજિયાત બની હતી. પરંતુ વર્તમાન પરિસ્થિતીમાં તમામ કોલેજોમાં કાયમી સ્ટાફનો અભાવ અને બે બાહ્ય પરિક્ષાએ ઉપરાંત આંતરીક પરિક્ષાઓના ભારણના કારણે વારંવાર શિક્ષણ કાર્ય ખોરવાતું હતું.

કોલેજોમાં આમ પણ અભ્યાસક્રમ પુરો કરવો મુશ્કેલ હોય છે. તેવામાં આ પદ્ધતિથી શિક્ષણ કાર્ય વધુ કથળતું હતું. શિક્ષણ ક્ષેત્રે ઊભી થયેલ આ સમસ્યાને હલ કરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા ઓન ડિમાન્ડ, ઓનલાઈન એક્ઝામિનેશન સિસ્ટમ અમલમાં મૂકવાનું નક્કી કરાયું હતું.

પરંતુ આ સિસ્ટમના કારણે બકરું કાઢતા ઉંટ વાડામાં પેશે તેવી સમસ્યા ઊભી થઈ છે. કારણકે આ પરિક્ષા પદ્ધતિના અમલ માટે કોલેજ પાસે ૧૭૦ કોમ્પ્યુટર, પ્રિન્ટર, સ્કેનર અને ઈન્ટરનેટની સુવિધા હોવી આવશ્યક છે. આ ઉપરાંત ૨૫૦ ચોરસફૂટનો રૂમ, થ્રી ફેઝ ઈલેક્ટ્રિક કનેક્શન, લેબ સ્થાપવા માટે સંચાલક ટ્રસ્ટની લેખિત મંજુરી હોવી જરૂરી છે. જે શહેરી વિસ્તારની કોલેજોમાં તો શક્ય બની શકે પરંતુ કેટલાય ગ્રામ્ય વિસ્તારોમાં તમામ કોલેજોમાં આ પ્રકારની તત્કાલીક વ્યવસ્થા ગોઠવવી મુશ્કેલ છે.

આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારની કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં કોમ્પ્યુટરનું સામાન્ય જ્ઞાનનો પણ અભાવ જોવા મળી રહ્યો છે. તેથી શિક્ષણ વિભાગ દ્વારા આ પદ્ધતિના અમલ પહેલા શિક્ષણ વિભાગે આવા વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરની તાલીમ આપવી જરૂરી બનશે. હાલમાં તો સરકારી કોલેજોના આચાર્યો દરેક કોલેજોમાં જઈને ઓનલાઈન પરિક્ષા કેન્દ્ર સ્થાપી શકાય તેવી શકયતાઓ તપાસી રહ્યા છે. પરંતુ વર્તમાન પરિસ્થિતીઓને જોતા આ પરિક્ષા પદ્ધતિનો અમલ અશક્યનો નહીં પરંતુ મુશ્કેલ ચોક્કસ છે.

કેવી રીતે ઓનલાઈન પરીક્ષા

ઓનલાઈન પરિક્ષા માટે પહેલા યુનિવર્સીટી દ્વારા કેન્દ્રોને મંજુરી અપાશે. ત્યારબાદ તે પરિક્ષા કેન્દ્રમાં આવતી તમામ કોલેજોની સહમતીથી પરિક્ષા તારીખ અને સમય નક્કી કરવામાં આવશે. ત્યારબાદ ટુંકા પ્રશ્નોના જવાબ વિદ્યાર્થીઓએ ઓનલાઈન ટીક કરવાના રહેશે. જ્યારે હેતુલક્ષી પ્રશ્નો વિદ્યાર્થીએ નોટમાં લખી તેને સ્કેન કરી વેબસાઈટ ઉપર અપલોડ કરવાના રહેશે. આ રીતે પરિક્ષા પુરી થયા બાદ અધ્યાપક ઓનલાઈન જવાબોની ચકાસણી કરશે અને માર્ક પરીક્ષા વિભાગને મોકલી આપશે. જેનાં આધારે વિદ્યાર્થીની માર્કશીટ તૈયાર થશે.

ગાંધીનગરનાં હેન્ડબોલના કોચ શશીમોહન ધુમાળે તૈયાર કરેલી ટીમ ૬ દેશોને હરાવી ગોલ્ડ મેડલ લાવી

નેપાળ ખાતે યોજાયેલી ઈન્ટરનેશનલ હેન્ડબોલ ચેલેન્જર્સ સ્પર્ધા ડિસેમ્બરમાં યોજાયેલી જેમાં ભારતની ટીમે ૬ દેશોને હરાવીને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. ગાંધીનગરનાં સાંઈ કોમ્પ્લેક્ષ ખાતે આ મહિલા હેન્ડબોલ ટીમનો પ્રશિક્ષણ કેમ્પ યોજાયેલો જેમના ઈન્ચાર્જ તરીકે શશીમોહન ધુમાળ હતાં અને આ ટીમને ગોલ્ડ મેડલ અપાવવાં એમનું અનન્ય યોગદાન રહેલું. ઈન્ટરનેશનલ ઓલિમ્પીક કમિટી દ્વારા જમ્મુ-કશ્મીર ખાતે થયેલા કોચીંગ ઈવેન્ટમાં ઈજીપ્તથી હેન્ડબોલનાં નિષ્ણાંત કોચ મોહમંદ ખાલીદ આવેલાં જેમણે ભારતનાં ૬૦ કોચને ખાસ પ્રશિક્ષણ આપેલું એમાં ગુજરાતનાં એકમાત્ર કોચ શશીમોહન ધુમાળેને આમંત્રણ મળેલું એ પણ અન્ય એક ગૌરવની બાબત છે.

ઉત્તર ગુજરાત બારગામ કડવા પાટીદાર સમાજ દ્વારા આઠમો સ્નેહમિલન યોજાયું

ઉત્તર ગુજરાત બારગામ કડવા પાટીદાર સમાજ, અમદાવાદ દ્વારા સ્નેહમિલન સમારંભ અને ઉજાણીનું આયોજન કર્ણાવતી ડેન્ટલ હોસ્પિટલ પાસે ઉવારસદ ખાતે યોજવામાં આવ્યો હતો. સમાજના ૮૦ ઉપરાંત તેજસ્વી વિદ્યાર્થીઓને ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા, સ્નેહમિલન સમારંભમાં સહપરિવાર ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરુ પાડ્યું હતું. બારગામ સમાજના સૌ પ્રથમ ભવ્ય સંકુલ ઉવારસદ ચોકડીથી ઉવારસદ તરફ, કર્ણાવતી ડેન્ટલ કોલેજ પહેલાં, અડાલજ સર્કલ પાસે, એસજી રોડ, ઉવારસદ ખાતે નિર્માણનું પણ ખાતમૂર્હત કરવામાં આવ્યું હતું. જેના મુખ્યદાતા કેમ્પસ દાતા પ્રહલાદભાઈ દ્વારકાદાસ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમાજના સંકુલ નિર્માણના ખાતમુહૂર્ત સંપૂર્ણ ધાર્મિક વિધિ સાથે પાયાની ઈંટો મુકવામાં આવી હતી. જેમાં સમાજના અન્ય આગેવાનોએ પણ પોતાનો સિંહફાળો આપ્યો હતો. આ સંકુલમાં સાંસ્કૃતિક હોલ, કોન્ફરન્સ હોલ, અતિથિગૃહ, બેન્કવેટ હોલ, હોસ્ટેલ જેવી વિવિધ સુવિધાઓ પ્રાપ્ત થશે. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રવીણભાઈ પટેલ, અનિલભાઈ પટેલ વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

ગાંધીનગરના નાટ્ય કલાકારો આજે સુરતમાં પરફોર્મ કરશે

પ્રવિણ સોલંકી લિખિત અને અખ્તર સૈયદ દિગ્દર્શિત નાટક 'બંધ આંખનાં અજવાળાં' ચિત્રલેખા નાટ્ય સ્પર્ધામાં ભજવાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના નાટ્ય કલાકારો આજે સુરત ખાતે પોતાની અભિનય કળા દર્શાવવા જઈ રહ્યા છે ત્યારે નગરની કલાપ્રેમી સંસ્થાઓ, વ્યક્તિઓ તરફથી તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

મુંબઈની ખ્યાત ચિત્રલેખા નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા માટે અખ્તર સૈયદ ગૃપના બેનર તળે નગરના કલાકારો સુરત ખાતે નાટ્યનો શો પ્રદર્શિત કરવા જઈ રહ્યા છે. પ્રવિણ સોલંકી લિખિત અને અખ્તર સૈયદ દિગ્દર્શિત આ નાટક જીવનભારતી રંગભવન, નાનપુરા, ખાતે ભજવાશે. નાટકમાં અખ્તર સૈયદ ઉપરાંત દિવ્યકાન્ત વર્મા, દર્શન ભાવસાર, મૌલિક રાજ, ભીખુભાઈ પંચાલ, નીલમ પટેલ, દર્પણ પટેલ, પાલા ગઢવી અને કુંતલ નિમાવત અભિનયનાં અજવાળાં પાથરી રહ્યાં છે.

નાટકમાં સંગીત સંચાલક તરીકે ઋષિકેશ મહેતા, મેક-અપ મેન તરીકે સોનુખાન પઠાણ, નેપથ્ય કલાકાર તરીકે આશિષ પટેલ અને સાદીક સૈયદ, પ્રકાશ આયોજક તરીકે હેરી ઉપાધ્યાય, વેશભૂષાકાર તરીકે ભગવત ભાવસાર અને પ્રૉપર્ટીમેન તરીકે મુનીલ સૈયદ અને અમીરમીયા સૈયદ આ કલાકારોને સાથ આપશે.

ઉલ્લેખનીય છે કે આ પ્રારંભિક નાટ્ય સ્પર્ધા છે, જે ગત તા. ૨૨ ડિસેમ્બરથી આરંભાઈ છે અને આવતીકાલે પૂર્ણ થવા જઈ રહી છે. સ્પર્ધાના અંતિમ ક્રમમાં ગાંધીનગરના કલાકારો દ્વારા પોતાની કલાનું પ્રદર્શન થવા જઈ રહ્યું છે.

ગાંધીનગરની કલાપ્રેમી સંસ્થાઓ અને વ્યક્તિઓ તરફથી ગૃપને શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલે નિર્ભયાને આપેલી શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા.૧

સાંપ્રત સમયમાં મહિલાઓ કે દીકરીઓ પ્રત્યેની સદભાવના જાગ્રત થાય અને નારી પ્રત્યે સન્માન કેળવાય તે ખુબ જ જરુરી છે. આ સંદર્ભે વિદ્યાર્થીઓ જાગૃતિ કેળવે તે માટે ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે દિલ્હી ગેંગ રેપની ૨૩ વર્ષીય યુવતી નિર્ભયાની આત્માની શાંતિ માટે મૌન પાળવામાં આવ્યું હતું અને મીણબત્તી પ્રજવલિત કરી શોકાંજલિ અપાઈ હતી.

નારી પ્રત્યે સન્માન પ્રત્યેની જાગૃતતા કેળવાય તે ખુબ જ જરુરી છે. દિલ્હી ગેંગ રેપની ૨૩ વર્ષીય યુવતી નિર્ભયાની આત્માનિ શાંતિ માટે તેમજ તેણીના ઉપર થયેલા ગુનાહિત કાર્ય માટે તેણીને ન્યાય મળે તે અર્થે ૧ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલે મૌન પાળ્યું હતું અને ૧૦૧ મીણબત્તીની જયોત પ્રજવલિત કરી શોકાંજલિ અર્પી હતી. નવા વર્ષે સંકલ્પ તરીકે સમાજના આસુરી તત્વોને નાબુદ કરવાનો સંકલ્પ લેવા માટે તથા ભવિષ્યમાં પણ સ્વકેન્દ્રી અને સ્વાર્થી બનવાને બદલે દેશને પોતાના પસંદ કરેલા અલગ અલગ ક્ષેત્રો દ્વારા પ્રદાન કરી દેશ સેવા અને વિશ્વ સેવા કરવાનો સંદેશ આચાર્યા રંજનબેન વૈદ્યે આપ્યો હતો.

નેશનલ સ્કૂલ ગેમની જમ્પ રોપ સ્પર્ધામાં ગુજરાત ત્રીજા સ્થાને

ગાંધીનગર, તા. ૧

જમ્પ રોપ એસોસિએશન ઓફ ગુજરાતના પ્રમુખ દિવ્યેશ ગોહિલે જણાવ્યું છે કે, તાજેતરમાં યોજાયેલી ૫૮મી સ્કૂલ ગેઈમ સ્પર્ધામાં ગુજરાતના ખેલાડીઓએ ૭ મેડલ મેળવી રાષ્ટ્ર કક્ષાએ ત્રીજો ક્રમ હાંસલ કર્યો છે.

ગુજરાતના દોરડા કૂદ સ્પર્ધકોએ તાજેતરમાં ૫૮મી સ્કૂલ ગેઈમ સ્પર્ધામાં રાષ્ટ્ર કક્ષાએ ભાગ લીધો હતો. આ નેશનલ જમ્પ રોપ રમતમાં ગુજરાતના ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સુંદર પ્રદર્શન કરી વિજેતા ક્રમ હાંસલ કર્યો હતો. ગુજરાતના સ્પર્ધકોએ ૭ મેડલ મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું. ગુજરાતનો જમ્પ રોપ સ્પર્ધામાં ત્રીજો નંબર આવ્યો છે. વિજેતા ખેલાડીઓને જમ્પ રોપ એસોસિએશન ઓફ ગુજરાતના પ્રમુખ દિવ્યેશ ગોહિલ અને મંત્રી ધર્મેશ પરમારે અભિનંદન પાઠવ્યા છે તથા વધુ આગળ જઈ સફળ બનવા શુભેચ્છાઓ પાઠવી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત આરોગ્ય કર્મચારી મંડળ દ્વારા વાર્ષિક કેલેન્ડર વિમોચન યોજાયું

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા પંચાયત આરોગ્ય કર્મચારી મંડળ દ્વારા જિલ્લા આરોગ્ય તંત્રના સૌજન્ય સહયોગથી આરોગ્ય વિષયક તમામ કાર્યક્રમોના સૂત્રો અને માહિતી તથા કાર્યક્રમોને પ્રસ્તુત કરતાં વર્ષ ૨૦૧૩ કેલેન્ડરનું વિમોચન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

આરોગ્ય વિષયક સઘળા કાર્યક્રમો, સૂત્રો, માહિતી, પ્રકાશિત કરતા વર્ષ ૨૦૧૩ના વાર્ષિક કેલેન્ડરનું જિલ્લા વિકાસ અધિકારી બી. આર. ભટ્ટના વરદહસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર. આર. વૈદ્ય, જિલ્લા માહિતી અને શિક્ષણ અધિકારી ચેતનાબેન પટેલ, જિલ્લા મેલેરિયા અધિકારી મમતાબેન દંતાણી અને નાયબ માહિતી શિક્ષણ અધિકારી અમૃતભાઈ પટેલ તેમજ પ્રમુખ કિરીટસિંહ ચાવડા, મહામંત્રી પ્રવીણભાઈ લિંબાચીયા વગેરે મંડળના હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને જિલ્લા પંચાયતની તમામ શાળાઓમાં તથા ચારેય તાલુકાના આરોગ્યના તમામ કર્મચારીઓને કેલેન્ડર વિતરણ કરવામાં આવ્યું હતું.

Adjective : જેના દ્વારા આંગળી ચીંધીને વસ્તુ કે વ્યકિત દર્શાવાય તેને દર્શક વિશેષણ કહેવાય

આવો અંગ્રેજી શીખીએ
- ચેતના બુચ

મિત્રો, આપણે અગાઉ **Adjective** ત્રણ પ્રકારનો અભ્યાસ કર્યો હતો. આજે આપણે બાકીના પ્રકારોનો અભ્યાસ કરીએ.

૪) **Distributive Adjective :**
(પરિમાણ વાચક વિશેષણ)
- આ વિશેષણ નામના એકમાત્ર વિભાગ તરીકે વપરાય છે.

e.g. Each girl got the certificate
Every crow is black

૫) **Demonstrative Adjective :**
(દર્શક વિશેષણ)
- જેના દ્વારા આંગળી ચીંધીને વસ્તુ કે વ્યકિત દર્શાવાય તેને દર્શક વિશેષણ કહેવાય.

e.g. We hate such nonesense.
That bag is mine

૬) **Interrogative Adjective :**
(પ્રશ્નાર્થ વિશેષણ)

e.g. Which kind of man is he?
Whose books are those?

૭) **Emphasizing Adjective :**
(ભારદર્શક વિશેષણ)
- જેમાં ભાર મુકાતો હોય તેને ભારદર્શક વિશેષણ કહેવાય.

e.g. I saw it with my own eye.
That is the very thing I want

૮) **Exclarnatory Adjective :**
(ઉદ્ગારવાચક વિશેષણ)

e.g. What an idea!
What genius!

નોંધ : રેખાંકિત કરેલ ભાગ વિશેષણ સૂચવે છે.

હવે, નીચે આપેલા વાક્યોનો અભ્યાસ કર્યા બાદ વાક્યોમાંથી **Adjective** શોધી તેનો પ્રકાર જણાવો.

1) Neither party will win.
2) Good men are rare.
3) Whose book is this?
4) Are there any coins in your purse?
5) There is little milk in the oup.
6) Every man has his price.
7) That is an old house

પરિચયાત્મક શબ્દો

મિત્રો આજે આ વિભાગમાં આપણે કાયદા અને કાનૂન **Low and order** ને લગતાં શબ્દોનો પરિચય મેળવીએ.

Accredited (એક્રેડિટિડ) અધિકૃત
Larcery (લાર્સની) ચોરી
Judiciary (જ્યુડિશિયરી) ન્યાયતંત્ર
Wager (વેજર) શરત
Preamble (પ્રિએમ્બલ) આમુખ